**૦૧/૦૬/૨૦૨૧**

**પ્રતિ,**
**અધિક મુખ્ય સચિવશ્રી,**
**શહેરી વિકાસ એ શહેરી ગૃહ નિર્માણ વિભાગ,**
**બ્લોક નં-૧૪, ૯ મો માળ,**
**નવા સચિવાલય, ગાંધીનગર - ૩૮૨૦૧૦**

**વિષયઃ રીવાઇઝ વિકાસ પરવાનગી મેળવવા ટાઉન પ્લાનીંગ ઓફીસરશ્રીનો અભિપ્રાય જરૂરી નથી તે નક્કી કરવા અંગે...**

મહાશય,

સવિનય સહ ઉપરોકત વિષય સંદર્ભે આપશ્રીને જણાવવાનું કે, મુસદ્દારૂપ નગર રચના યોજના કે તેના ઉપરના કોઇપણ તબક્કાએ ટાઉન પ્લાનીંગ સ્કીમોમાં સમાવિષ્ટ જમીનોમાં પ્રથમ વખત વિકાસ પરવાનગી મેળવતા સમયે સ્થાનિક સત્તામંડળ દ્વારા ટાઉન પ્લાનીંગ ઓફિસર પાસેથી વિકાસ પરવાનગી આપવા અર્થે અભિપ્રાય મેળવવાની પ્રથા અમલમાં છે. તેમજ આવી જમીનમાં અમુક સમય બાદ આયોજનમાં ફેરફાર કરવા વિકાસ પરવાનગી મેળવવાની કાર્યવાહીને સ્થાનિક સત્તામંડળ દ્વારા ટાઉન પ્લાનિંગ ઓફિસર પાસેથી અભિપ્રાય મેળવવાનો આગ્રહ રાખવામાં આવે છે. જે ખરેખર અગવડતા ભર્યુ જણાય છે.

જે અંગે અમો સંસ્થાની નમ્રતાપૂર્વકની અરજ છે કે, પ્રથમ વખત વિકાસ પરવાનગી મેળવવાની નકશા સહ મંજૂરીની જાણ ટાઉન પ્લાનીંગ ઓફિસરને ઓથોરિટી દ્વારા કરવામાં આવે તે સાથે સદર પરવાનગી વાળી જમીનમાં આકાર, ક્ષેત્રફળ વિગેરેનો કોઈ ફેરફાર ન કરી ફાઇનલ પ્લોટ કાયમ રાખવા સૂચના આપવામાં આવે.

જેથી ફાઇનલ પ્લોટ કાયમ રાખેલ હોવાથી અરજદાર દ્વારા આયોજનમાં ફેરફાર કરી રીવાઇઝ પરવાનગી મેળવતા સમયે ટાઉન પ્લાનિંગ અધિકારીનો અભિપ્રાય મેળવવો જરૂરી નથી.

આ અંગેની દરેક સ્થાનિક સત્તામંડળ અને તમામ ટાઉન પ્લાનિંગ ઓફિસરશ્રીને આપની કક્ષાએથી સૂચના આપવા વિનંતી છે.

**લિ. આપના વિશ્વાસુ**

| | | |
|---|---|---|
| **સુરેશ પટેલ** | **રવજીભાઇ પટેલ** | **વિજય ધામેલિયા** |
| **ચેરમેન** | **પ્રમુખ** | **માનદ્‌મંત્રી** |
| **ક્રેડાઇ-સુરત** | **ક્રેડાઇ-સુરત** | **ક્રેડાઇ-સુરત** |

**નકલ રવાના :**

૧. મુખ્ય નગર નિયોજકશ્રી
નગર નિયોજકશ્રીની કચેરી,
સેન્ટ ઝેવિયર્સ સ્કુલની સામે,
સેકટર-૧૦/એ, રોડ નં.૩,
ગાંધીનગર - ૩૮૨૦૧૦

૨. ખાસ ફરજ પરના અધિકારીશ્રી
શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ,
બ્લોક નં.૧૪, ૯ મો માળ,
નવા સચિવાલય, ગાંધીનગર - ૩૮૨૦૧૦